# ચોપડા ગામે ચૂડવેલ જીવાતનો ભારે ઉપદ્રવ

## ચૂડવેલના ત્રાસથી બચવા લોકોએ ઘર છોડી ખેતરમાં આશરો લીધો



મોડાસા, તા. ૨૭

ચોમાસાની ઋતુમાં વરસાદ પડવાની સાથે સાથે વિવિધ જીવજંતુઓનો ઉપદ્રવ પણ જોવા મળે છે જેમાં ચુડવેલ નો ઉપદ્રવ લોકો માટે અસહ્ય બની જતો હોય છે. અરવલ્લીના મોડાસા નજીકનું ચોપડા ગામ ચુડવેલ નામની જીવતને લીધે ત્રાહિમાન પોકારી ગયું છે.

-ત્યેક ચોમાસામાં ચુડવેલ નામની જીવાત ઠેર ઠેર જોવા મળતી જ હોય છે ત્યારે મોડાસા નજીકના ચોપડા ગામે ૧૦૦ ઘરની બક્ષીપંચ જ્ઞાતિના લોકો આ જીવાતી અકળાઈ ગયા છે ચુડવેલના થર ઠેર ઠેર બાજી જતા ક્યાં બેસવું અને ક્યાં સુવું એ પણ -શ્ન ઉપસ્થિત થયો છે રસોઈ બનાવવામાં પણ મુશ્કેલી પડતી હોવાને કારણે ફરજીયાત પણે મહિલાઓને ખેતરમાં જઈને બનાવવી પડે છે અને મોટાભાગે છે. પીવાના પાણીના માટલાઓ પર પણ આ જીવત ચઢી જતા પાણી પણ પીવાનું ટાળવું પડે છે. રાત્રીના સમયે લોકો કાનમાં રૂ નાખીને સુવા મજબુર બન્યા છે. આ ઉપદ્રવથી



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ખેતરમાં જ ખુલ્લામાં બેસીને જ ભોજન કરવા મજબુર બનવું પડ્યું થાકેલા લોકો વરસાદ સતત વરસતો રહે તેવી -ાથના કરી રહ્યાં છે.

## મોડાસાના બડોદરાના વૃદ્ધના થેલામાંથી વિદેશી દારૂ ઝડપાયો

અરવલ્લી જિલ્લામાં ગાંધીનગર પોલીસ મહાનિરિક્ષક તરીકે હસમુખ પટેલે ચાર્જ સંભાળતાની સાથે વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો ભુગર્ભમાં ઉતરી ગયા છે. અરવલ્લી એલસીબી પોલીસે અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરોને ઝડપી પાડવા સખ્ત કાર્યવાહિ કરતાં અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂ પીનારા શોખીનો વિદેશી દારૂ મેળવવા માંગે તેટલા દામ આપવા તૈયાર હોવાથી ગામડાઓના લોકોમાં વધુ રૂપિયા કમાઈ લેવાની લાલચમાં ગેરકાયદેસર વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો મેદાનમાં ઉતરી પડ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લા એલસીબીએ આવા ગેરકાયદેસર વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરોને ઝડપી પાડી જેલના પાછળ ધકેલી દેવાની સફળ કામગીરી કરતાં એકલ દોકલ બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

# મોડાસા નગરપાલિકાની મંજૂરી વિના પી.એચ.સી.નું મકાન તોડી પડાતાં વિવાદ

મોડાસા, તા. ૨૭

મોડાસા નગરપાલિકાની માલિકીની જગામાં આવેલ -ાથમિક નં. ૧૧માં આવેલ ૪૦ વર્ષ જૂના બિલ્ડીંગમાં આરોગ્ય વિભાગ દ્વારા -ાથમિક આરોગ્ય કેન્દ્ર ચલાવાતું હતું. હરીશ અગ્રવાલ દ્વારા પીએચસીના મેડિકલ ઓફિસરને પાઠવેલી નોટિસમાં જણાવ્યા મુજબ,



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ આરોગ્ય વિભાગ દ્વારા મંજૂરી વગર તોડી પડાતાં સરકારના બે વિભાગો સામસામે આવી ગયા છે. પાલિકાના મુખ્ય અધિકારીએ બિલ્ડીંગ તોડી નવું બાંધકામ કરતાં મેડિકલ ઓફિસરને નોટિસ ફટકારવામાં આવી છે.


નગરપાલિકાની સામેના સર્વે જમીનની માલિકી નગરપાલિકાની હોવા છતાં આરોગ્ય વિભાગે રજાચિઠ્ઠી વગેરે જરૂરી મંજૂરી મેળવ્યા વગર નવું બીલ્ડીંગ બાંધવા આખે આખું બિલ્ડીંગ જમીનદોસ્ત કરી નાખ્યું હતું. આથી પાલિકાના મુખ્ય અધિકારીએ નોટિસ ફટકારી બાંધકામ ઉપર મનાઈ ફરમાવી હતી. નગરપાલિકાના ચીફ ઓફિસર પાલિકાની માલિકીની જમીનમાં આવેલી બિલ્ડીંગનો નાશ કરી નવીન બિલ્ડીંગ બનાવવાની કાર્યવાહી કયા આધારે હાથ ધરાઈ છે તેના આધાર પુરાવા દિન ૩માં પાલિકા કચેરીએ રજૂ કરવા અને પ્રશ્નનો નિકાલના થાય ત્યાં સુધી કોઈપણ જાતનું બાંધકામ કરવા કે કરાવવા ઉપર પાબંધી ફરમાવી છે.

# પ્રાંતિજ મામલતદાર કચેરીમાં મંથરગતિએ થતા કામથી લાંબી કતારો

## જન સેવામાં વિવિધ દાખલાઓ લેવા માટે લોકોની લાંબી કતારો : એક દાખલો લેવા માટે બે થી ત્રણ દિવસ લાગે છે

પ્રાંતિજ,તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ મામલતદાર કચેરીમાં આવકના દાખલા, ખેતીના ઉતારા, લેવા આવતાં ખેડૂતો અરજદારો જોડે જાણે ગયા જનમનું વેર હોય તેમ ખેડૂત અરજદારો જોડે તોછડુ વર્તન કરવામાં આવે છે અને દાખલા કે છે. અને એટલો સમય પણ બગાડવો પડે છે. ક્યારેક અવ્યવસ્થા સર્જાતા ઉભેલા લાઈનમાં કિસાનોમાં ચકમક ઝરી તુ...તુ..મેં..મેં..ની સ્થિતિ થઈ જાય છે. કોમ્પ્યુટર બંધ થઈ જાય છે અને લાઈનમાં ઉભેલા ખેડૂતોને ભારે મુશ્કેલીઓ છતાં ઉતારા કે આવકના દાખલા ક્રીમીનલ લાઈનમાં ઉભેલા લોકોને ઉતારા કે દાખલા આપવાનો ટાઈમ તેમની પાસે હોતો નથી. જ્યારે આજકાલ મામલતદાર ઓફિસ જનસેવા કેન્દ્રમાં



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ક્રીમીનલ સર્ટી વિવિધ દાખલાઓ માટે અરજદારોની લાંબી લાઈન એક દાખલો મેળવવા માટે બે બે દિવસ લાગી જાય છે.

પ્રાંતિજ મામલતદાર કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટરો દ્વારા દાખલા ઉતારા કે ક્રીમીનલ સર્ટી લેવા આવતાં અરજદારો તેમના માટે ભાર સમાન લાગે છે. ત્યારે કિસાનો વિદ્યાર્થીઓ સહિત મહિલાઓ પણ નાના બાળકો સાથે સવારથી જ લાઈનમાં ઉભા રહીને પગે પણ સોજા આવી જાય સર્જાય છે. જ્યારે કોમ્પ્યુટરાઈઝ્ડ નકલોની ફી માત્ર પાંચ રૂપિયા છે પરંતુ આજુબાજુના ગામડાઓમાંથી આવતા સ્હેજ પણ ૪૦ થી ૫૦ રૂપિયા ખર્ચ થઈ જાય છે. અને લાઈનમાં ઉભા રહેવા છતાં એટલો સર્ટી વગેરે લેવા માટે બે બે દિવસ લાગે છે. અંદરથી મોટા સાહેબે અને મોટા જમીન માફિયાના ઉતારા પહેલા કાઢી આપવામાં આવે છે અને ચાલુ કામે ગપ્પા-મસ્તી કરવાનો સમય હોય છે પરંતુ માનવતા દષ્ટીએ પણ તથા લોબીમાં કોઈ મેળો લાગ્યો હોય તેવું જણાઈ આવે છે. અને ગરમીમાં લોકો સેકાઈ જાય છે. વિવિધ પ્રકારના દાખલા તથા ઉતારા માટે ઉભેલા લોકોની લાંબી લાંબી કતારો જોવા મળે છે.

# સાબરકાંઠા જિલ્લા હિસાબી વર્ગ કર્મચારીઓની ધિરાણ મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લા હિસાબી સેવા સંવર્ગ (બિ.રા.પ.) કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિમિટેડની ૨૫મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૫-૬-૨૦૧૫ને ગુરૂવારના રોજ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજવાડી, હિંમતનગર ખાતે મંડળીના વરિષ્ઠ આવકારી મંડળીએ કરેલ પ્રગતિની રૂપરેખા રજુ કરેલ જેમાં મંડળી દ્વારા મુખ્યત્વે જરૂરીયાતમંદ સભાસદોને સરળતાથી લોન ધિરાણની વ્યવસ્થા તમામ સભાસદોને મંડળીના ખર્ચે અકસ્માતવિમા પોલીસીથી સાંકળી લેવા સભાસદોના ધોરણ .કે.જી.થી ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરતા બાળકો જે ઉચ્ચત્તમ ટકાવારી સાથે રહેલ છે તેવા આર.એસ. પાટીલનું મંડળીના પ્રમુખ વક્તુસિંહ પરમાર દ્વારા અંગત રીતે ચાંદીની લક્ષ્મીજીની પ્રતિમા દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

અંતમાં ઉપસ્થિત મુખ્ય મહેમાનો પૈકી પી.કે. જોષી, જિલ્લા સહાયક નિરીક્ષક, સ્થાનિક ભંડોળની કચેરી, હિંમતનગર દ્વારા તેમના



સભાસદ બહેચરસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ. મંડળી તેની સ્થાપનાના ૨૫ વર્ષ પુરા કરી રજતજયંતિ વર્ષની ઉજવણી કરતી હોઈ મંડળીના ચાલુ સભાસદો સાથે સરકારી સેવામાંથી નિવૃત્ત થેલ તમામ માજી સભાસદોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. સભામાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ સભાસદોએ મંડળીએ ઉત્તરોત્તર કરેલ પ્રગતિની પ્રસંશા કરી હતી. તદ્ઉપરાંત રજત જયંતિ વર્ષ નિમિત્તે મંડળીની સ્થાપનાથી આજ સુધી જેમણે મંડળીના પ્રમુખ તેમજ મંત્રી તરીકે ફરજ બજાવી સેવા આપેલ તેવા તમામ હાજર માજી હોદેદારોનું મુખ્ય મહેમાનોના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

મંડળીના યુવાન અને ઉત્સાહી પ્રમુખ વક્તુસિંહ જે. પરમાર દ્વારા મનનીય સ્વાગત પ્રવચનથી સૌને સફળતા મેળવતા હોય તેવા બાળકોને સન્માનપત્ર અને રોકડ પુરસ્કારથી પુરસ્કૃત કરવા, સભાસદોને ઉચ્ચત્તમ મર્યાદામાં ડીવીડન્ડ ચુકવણું, સભાસદોને ગીફ્ટ આપવી, જરૂરીયાતમંદ સભાસદોને માલ ધિરાણ સ્વરૂપે તેલ, ચોખા, દાળ ખરીદ કરી પુરા પાડવા સહિતની સભાસદોના હિતાર્થે મંડળી દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની રૂપરેખા રજુ કરવામાં આવી હતી.

આ તબક્કે સભામાં ઉપસ્થિત તમામ વર્ગ-૧ અને વર્ગ-૨ના આમંત્રિત અધિકારીઓનું મંડળીના હોદેદારો દ્વારા ફૂલહારથી ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવેલ. ઉલ્લેખનીય છે કે મંડળીના ૨૫ વર્ષના આયુષ્યમાં ૧૦ વર્ષ સુધી પ્રમુખપદે સેવા આપી સરકારી સેવામાંથી નિવૃત્ત થઈ મંડળીને સફળતાના શીખરે પહોંચાડવામાં જેમનો સિંહ ફાળો સંબોધનમાં મંડળીનો રોપવામાં આવેલ નાનકડો છોડ આજે વટવૃક્ષ બની શીતળ છાંય સમાન બની મંડળીના સભાસદો માટે જુદી જુદી યોજનાઓ થકી જે શિતળતા આપે છે તે વધુ ઉત્સાહથી અવિરતપણે આવનાર વર્ષોમાં ઉપયોગી બને તે માટે શુભેચ્છા પાઠવેલ હતી.

મંડળીના તમામ સભાસદોએ મંડળીમાં જેમણે ૬ વર્ષ સુધી મંત્રી તરીકેની સેવા આપી છેલ્લી બે ટર્મથી પ્રમુખપદે સેવા આપી મંડળીની વિકાસકુચમાં સતત પ્રયત્નશીલ રહેલ છે તેવા ચાલુ પ્રમુખ વક્તુસિંહ પરમારનું પણ શબ્દોથી અભિવાદન કરેલ અને મંડળી તેમની રાહબરી હેઠળ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવેલ હતી. સભાના અંતમાં આભારવિધિ જે. એમ. મહેતાએ કરી હતી. સભાનું સફળ સંચાલન યોગેશભાઈ રાવલે કર્યુ હતુ.



# ચોમાસુ પ્રારંભ થતા અરવલ્લીના માલધારીઓએ પકડી વતનની વાટ


અરવલ્લી જિલ્લામાં રાજસ્થાન અને કચ્છના માલધારીઓ પોતાના વતનમાં પાણીની તંગીના લીધે ચોમાસાની ઋતુ શરૂ પૂર્ણ થતા જ પોતાના પશુઓને અને કુટુંબીકબીલા સાથે અરવલ્લી જિલ્લાના વિવિધ જગ્યાએ ખુલ્લી જગ્યામાં પડાવ નાંખીને પશુપાલનનો વ્યવસાય કરી જીવન નિર્વાહ ચલાવતા હોય છે.

રોટી કપડાં અને મકાનની શોધમાં માણસની આખી જીંદગી ક્યાં પસાર થઈ જાય છે. તેની ખબર શુધ્ધા પણ પડતી નથી. જેમની પાસે ખેતી છે, નોકરી છે કે ધંધો છે તેમના માટે બાર મહિના કેમ કાઢવા તે ખબર પડતી નથી પરંતુ જેમની પાસે કશુ જ નથી અને બારેમાસ બસ એક ગામથી બીજા ગામ પડાવ નાખવા પડે છે. તેમની સી હાલત થતી હશે તે વિચાર માત્ર જ કંપારી છુટાવી દે છે. આજે પણ અનેક પરિવારો રોજી-રોટી માટે પશુપાલન સાથે સંકળાયેલા છે. અને તેના ઉપર જ તેમનું ગુજરાન ચાલે છે. તેવા રાજસ્થાન અને કચ્છના માલધારીઓ આજે આ ગામ તો કાલે પેલા ગામ એમને એમ આખી જીંદગી ભટકતુ જીવન જીવતા માલધારીઓની પરિસ્થિતિ કાબીલે દાદ માંગી લે તેવી હોય છે. ત્યારે પોતાના માદરે વતન વરસાદ પડતા પોતાના પશુધન સાથે પરત ફરતા માલધારીઓ મોડાસા-હિંમતનગર રોડ પર નજરે ચડતા જોવા મળે છે. (તસવીર : જય અમીન, મોડાસા)

# હેલોદર દૂધ મંડળીના ચેરમેન સહિત ૩ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

મોડાસા, તા. ૨૭

માલપુર તાલુકાના હેલોદર દૂધ મંડળી અને સાબરડેરીનો વિવાદ દિવસે ને દિવસે વધુ ગંભીર બનતો જાય છે. ત્યારે આજે સાબરડેરીના સત્તાધિશોએ હેલોદર મંડળીના ચેરમેન સહિત ૩ વિરૂદ્ધ કર્મચારીઓને ધમકી આપવા અને ખોટુ લખાણ લખાવી લેવા મુદ્દે ફરિયાદ હેલોદર મંડળીના ચેરમેન અને સાબરડેરીના પૂર્વ ડિરેક્ટર જશુભાઈ પટેલ સહિત ૩ વિરૂદ્ધ સાબરડેરીના કર્મચારીઓ જોડે ખોટા નિવેદનો લખાવી લેવા અને કર્મચારી સાથે માથાકુટ કરવા બદલ ફરિયાદ નોંધાવી હતી. જેથી ભારે ચકચાર મચી જવા પામી હતી. ઉલ્લેખનીય છે કે સાબરડેરી અને હેલોદર દૂધ




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

નોંધાતા ખળભળાટ મચી ગયો છે.

માલપુર તાલુકાની હેલોદર દૂધ ઉત્પાદન મંડળીનો વિવાદ ગંભીર બની રહ્યો છે. અને સાબરડેરીના સત્તાદિશો આક્રમક મુડમાં આવી ગયા છે. સાબરડેરીના સત્તાદિશો દ્વારા મંડળીના સત્તાદિશો વચ્ચેના સફેદ દૂધના રાજકારણમાં છેવટે ભોગ તો હેલોદર દૂધ મંડળીના પશુપાલકોને બનવાનો વારો આવ્યો છે. ત્યારે હવે આ મામલે આવનાર દિવસોમાં આ મામલો મોટુ સ્વરૂપ ધારણ કરે તો નવાઈ નહી.

# મહેસાણામાં કાયદો અને વ્યવસ્થા ખાડે જતા નાગરિકોમાં રોષ : પોલીસ નિષ્ક્રિય

મહેસાણા શહેરમાં છેલ્લા કેટલાક વખતથી મિલક્ત વિરૂદ્ધના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે.

મહેસાણા ખાતે હાઈવે પર આવેલ ઉમિયા શોપિંગ સેન્ટરમાં બી ડીવીઝન પોલીસ મથકની નજીકમાં આવેલ એક દુકાનની બારીના કાચ ખસેડી રાત્રીના સમયે કોઈ હરામખોરોએ અંદર પ્રવેશ કરી રૂપિયા ૫૨,૬૦૦ની મત્તાની ઉઠાંતરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનેલ છે. જ્યારે શહેરના ધરમ સિનેમા રોડ પરના સારથી એપાર્ટમેન્ટ પાસેના એક મકાનનો નકૂચો તોડીને કોઈ તસ્કરો અંદરથી પંદર હજારની રોકડ રકમ તથા સોના ચાંદીના દાગીના મળી કુલ ૮૩૦૦૦ની મત્તાની ચોરી કરી હતી. વિજાપુર તાલુકાના મહાદેવપુરા (ડાભલા) ગામના બળદેવભાઈ ડી. પ્રજાપતિએ મહેસાણા ખાતે મોઢેરા રોડ પર પેટ્રોલ-પંપ સામે પોતાની ઈન્ડિકા મોટરકાર પાર્ક કરી હતી. ત્યારે કારના દરવાજાનો કાચ તોડી કોઈ હરામખોરો અંદરથી રૂપિયા ૩૭ હજારની રોકડ રકમ અને મહત્વના દસ્તાવેજો ભરેલ પાકિટની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયો હતો. જિલ્લાના કેટલાક પોલીસ મથકોની હદમાં મિલક્ત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. અસામાજીક પ્રવૃત્તિઓએ પણ પુનઃ માથું ઉંચક્યું હોવાનું ચર્ચાય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦